

# અસલી 'સોના'નાં ભાવ હવે ખબર પડશે

**દેખાવે થોડી રીના રોય, થોડી શત્રુઘ્ન, થોડી પૂનમ સિંહ જેવી લાગતી સોનાક્ષીને દબંગે પહેલો જ ડેબ્યુ એવોર્ડ પણ અપાવ્યો. સલમાન સાથે ફિલ્મ અને એવોર્ડ બાદ તો લાગ્યું કે સોનાની ગાડી ક્યારેય 'હોલીડે' પર નહિ જાય**

એક સમયે, બોલિવૂડ સ્ટાર્સ સાચે દૂર ચમકતા તારા જેવા હતા. તેમનું જીવન રાતે ટમટમ કરતા નાનકડા તારા જેટલી જ લાઈટમાં રહેતું. ફેન્સ તેમને જોવા કેટલાયે શુક્રવારની રાહ જોતા, સાથે કોઈક મેગેઝીન કે અખબાર તેમને કવર કરે તો રાતોરાત કોપી વેચાઈ જતી. સ્ટાર-સ્ટડેડ પાર્ટીમાં તેમના મનપસંદ સ્ટાર્સની ઝલક જોવા કેટલીયે ભીડમાં રાહ જોતા- પણ આ બધું જ હવે ભૂતકાળ છે. આજના 1.50X સ્પીડના યુટ્યુબ અને સોશ્યલ મીડિયાના સમયમાં છુપાઈને રહેતા સિતારાઓ જ હવે લાઈવ-સ્ટ્રીમ થાય છે. પાર્ટીઓ બ્લોગ કરે છે. કિચન, કપડા, વેકેશન અને પર્સનલ વ્યૂઝ પણ સામેથી જ આપે છે. આલિયા ભટ્ટ, માધીરી દીક્ષિત, કૃતિ સેનોન, નોરા ફતેહી જેવા એક્ટર કમ યુટ્યુબરની લાંબી લિસ્ટમાં એક નવું નામ જોડાયું છે.

એક સ્ટારકિડ જેણે 2010માં બ્લોકબસ્ટર ડેબ્યુ કર્યું, હાલમાં જ આ ઈન્ડસ્ટ્રીમાં આવ્યે 15 વર્ષ થયાની ઉજવણી કરી. તે 'અસલીસોના' (સોનાક્ષીનું ઈન્સ્ટા નામ) હવે નવી જગ્યા એ સ્પોટલાઈટમાં જોવા મળી રહી છે - તે છે ડિજિટલ મીડિયા. ફિલ્મોથી દૂર રહેલી દબંગ ગર્લ સોનાક્ષી સિંહ હવે વારતહેવારે યુટ્યુબ પર વ્લોગ કરતી જોવા મળે છે! ''અરે ભાઈ'સાબ યે કિસ લાઈન મેં આ ગયે આપ!'' એવો સવાલ અત્યારે ટૉક ઓફ ધ ટાઉન છે. સોનાનાં ફેન્સને પણ થતો જ હશે. હિટફ્લોપ ફિલ્મોનો સરખો ભાર લઈ ચાલતી સોનાક્ષી હવે પોતાનું અલગ જ પ્લેટફોર્મ ઉભું કરવા માંગે છે કે?

**લાઈમ લાઈટ**

2010માં ભાઈની ફિલ્મ આવી દબંગ- આ એ સમય હતો જ્યારે સલમાન નવોદિત કલાકરોને રોજગારી આપતો અને આ સ્કીમમાં સ્ટારકિડ સોનાક્ષીનો નંબર લાગ્યો હતો. દેખાવે થોડી રીના રોય, થોડી શત્રુઘ્ન, થોડી પૂનમ સિંહ જેવી લાગતી સોનાક્ષીને આ દબંગે પેહલો જ ડેબ્યુ એવોર્ડ પણ અપાવ્યો. સલમાન સાથે ફિલ્મ અને એવોર્ડ બાદ તો લાગ્યું કે સોનાની ગાડી ક્યારેય 'હોલીડે' પર નહિ જાય. એવું થયું નહિ. 15 વર્ષમાં ગણીને ઠીકઠીક ફિલ્મો કરી ચૂકેલી સોનાક્ષી પાછલા વર્ષે 5 પ્રોજેક્ટમાં દેખાયેલી (કેટલી યાદ છે?) અને 2025 તો પૂરું થવા આવ્યું છતાં એક જ ફિલ્મ 'નિકિતા રોય'માં દેખાઈ જે તેના ભાઈ એ જ બનાવેલી (અને ભાઈ એ જ જોઈ હશે) અર્થાત લાસ્ટ 2023માં 'દહાડ' વેબસિરીઝ પછી કોઈ સારો પ્રોજેક્ટ તેને મળ્યો નથી અથવા તો સોનાક્ષી કરવા નથી માંગતી? 2024 જૂનમાં બોયફ્રેન્ડ ઝહિર ઈકબાલ સાથે લગ્ન બાદ કોઈ ફિલ્મ કરવાના મૂડમાં તે લગતી નથી કે કોઈ તેની સાથે ફિલ્મ કરવા નથી માગતું? લગ્ન પછી તરત હિરામંડી આવી હતી જેમાં લાગ્યું કે સોના ચમકશે પણ એવું થયું નહિ.

તો દબંગથી શરુ થયેલી સફર હિરામંડી સુધીમાં ઘણા ઉત્તર ચડાવ જોયા- થિયેટર અને પછી OTT પર પણ દેખાઈ અને હવે સમયને પરખી ચુકેલી સોનાક્ષી થિયેટરને છોડી ફોનની સ્ક્રીન પર દેખાવાનો પ્લૅન કરી રહી છે!

પતિ ઈકબાલ સાથે તેના સોશ્યલ મીડિયા પર વાયરલ વીડિયો ફેન્સને પસંદ પડી રહ્યા છે અને આ જોઈ સોનાક્ષી પણ વધારે વિડીયો બનાવી રહી છે. 2025માં તો પોતાની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ પણ ખોલી દીધી છે. જેમાં તે પોતાના પતિ સાથેના વ્લોગ, ટ્રાવેલ વ્લોગ, શોટ્ર્સ અપલોડ કરે છે. તેની ચેનલ પર 5.07 લાખ સબસ્ક્રાઈબર છે અને અત્યાર સુધીમાં 157 જેટલા વીડિયો પણ બનાવી ચૂકી છે.

તો હવે આટલા વિડીયો બનાવ્યા પછી તે નક્કી થતું જાય છે કે સોનાક્ષી યુટ્યુબર તરીકે પોતાને નવી ઓળખ આપવા માંગતી હશે. અને વીડિયોને મળતા વ્યૂઝ જોઈ હરખાતી તો હશે જ.

એમ જોવા જઈયે તો સિનેમાનું કરિયર ફ્રેજાઈલછે. એક શુક્રવારની ફ્લોપ તમારા વર્ષોની મહેનતને ડૂબાડી શકે છે. સોનાક્ષી માટે જે પહેલાથી બોક્સ-ઓફિસ પર સકસેસફૂલ થવા સામે લડી રહી હતી તેને ડિજિટલ દુનિયા આ બધી શરતોમાં નથી માપતું. તેના બ્યુટી ટ્યુટોરિયલ્સ, ફિટનેસ સ્નિપેટ્સ અને ઈન્સ્ટાગ્રામ પર હોમટુર્સ તેની ફિલ્મો કરતાં વધારે વ્યૂઝ મેળવે છે. અને ફેન્સ સાથેની ફની મસ્તી સોનાક્ષીને વધારે 'કનેક્ટ'કરે છે. જે મોટા પડદા પર શક્ય નથી.

તેમાં કોઈ શંકા નથી કે યુટ્યુબ અને સોશ્યલ પ્લેટફોર્મ તમને વધુ સારી કમાણી પણ આપે છે. ત્યાં કોઈ પ્રોડ્યુસર નથી, કોઈ ક્રિટીક નથી. બસ સોનાક્ષી અને તેના ફેન્સ જ છે.

જો સોનાક્ષી આ બંને દુનિયા-બોલિવૂડ અને ડિજિટલને બેલેન્સ કરવાનું ચાલુ રાખે છે, તો તે એવી એક્ટ્રેસ માટે એક નવું ઉદાહરણ બનવાની છે જે બોક્સ-ઓફિસ નંબરો પર ટકી રહેવા નથી માંગતી. એટલે સોનાક્ષી વાયરલ થઈ તો બીજી ઘણી બધી એક્ટ્રેસ લાઈનમાં છે જેને તમે યુટ્યુબ પર જોવા લાગશો.પોતાને સૌની સામે જાહેર કરી દેવા કે પોતાનું જીવન અંગત રાખવું આ બેમાંથી શું પસંદ કરવું તે સોનાક્ષીની ઈચ્છા. બાકી બોલિવૂડે આપણને એક વાત બતાવી છે - ઑડિયન્સ સરળતાથી કંટાળી જાય છે. તેમને સતત એન્ટરટેઈન કરતા રહેવા પડશે એ પછી ફિલ્મ હોય કે વ્લોગ.

## વરુણનું દુલ્હનિયા નતાશાને કરેલું ફ્લોપ પ્રપોઝલ



વરુણ ધવન અને નતાશા દલાલની લગ્ન સ્ટોરી વિશે તો બધાને ખબર જ હશે. તેઓ બાળપણથી એકબીજાને ઓળખે છે, એટલે એમની બોન્ડિંગ સ્ટ્રોંગ છે. પરંતુ મે તેરા હીરો કહેતો વરુન તેની રિયલ હિરોઇનને પ્રપોઝ કરવામાં ફેઇલ થયો હતો તે સ્ટોરી વરુણે જાતે જ જણાવી છે.

વરુણે પ્લાન કર્યું હતું કે તે નતાશાને અંડરવોટર પ્રપોઝ કરશે એકદમ ફિલ્મી રીતે આ માટે તેણે દરિયામાં પ્રપોઝ કરવાનો પ્લાન બનાવ્યો. પણ પછી તેણે પૂલ પસંદ કર્યો. એનો પ્લાન હતો કે પાણીની અંદર જઈને ઉપર આવીને નતાશાને પ્રપોઝ કરશે. આમાં માહોલ બનાવવા માટે તેણે 'You Sang to Me' ગીત પ્લે કર્યું. નતાશા એ ગીત સાંભળીને પુછ્યું પણ હતું કે, 'આટલું જૂનું ગીત અચાનક કેમ વગાડ્યું?' આવામાં વરુણે 2-3 વખત ડૂબકી લગાવી પણ સરખી રીતે બહાર નીકળી ન શક્યો. લાસ્ટ ટ્રાયમાં જ્યારે પરફેક્ટ થયું અને એ ઉપર આવ્યો, ત્યાં સુધીમાં નતાશા પૂલમાંથી બહાર નીકળી ગઈ ને ગીત પુરુ! આ બિલકુલ પણ ફિલ્મી ન હતુ. આ બધી ફેઇલ્ડ ટ્રાય પછી આખરે તેણે એક ઘૂંટણ પર પ્રપોઝ કર્યુ, ને નતાશાએ હા કહી દીધી!

## ગેંગસ્ટરનું ખોટી 'દિશા'માં ફાયરિંગ

બોલિવૂડની જોતા કહી જાઓ એવી એક્ટ્રેસ દિશા પટાણીના ઘરની બહાર ધોળા દહાડે ગોળીઓ ચલાવવામાં આવી હતી! એ કોઈ ફિલ્મ વાળી નહી, અસલી. જ્યારે આ બધું થયું, ત્યારે ઘરમાં દિશાના પપ્પા જે રિટાયર્ડ DSP છે. તેની મોટી બહેન ખુશ્બુ જે પોતે પણ આર્મીમાં છે અને તેની મમ્મી હાજર હતા. વાત એમ બની હતી કે ખુશ્બુએ પ્રેમાનંદ મહારાજ અને અનિરુદ્ધાચાર્ય મહારાજ વિશે કોમેન્ટ કરી હતી, જેને કેટલાક ગુંડાઓને ધર્મનું અપમાન લાગ્યું. તે બાબતે બોલિવૂડમાં ધમકી આપવા જાણીતા ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે સોશ્યલ મીડિયા પર લખ્યું ,'જય શ્રી રામ! ખુશ્બુએ અમારા સંતોને બદનામ કર્યા, સનાતન ધર્મને ઠેસ પહોંચાડી. આ તો ટ્રેલર છે, આગળ વધારે કરીશું!' અને આ હુમલો કર્યો. પોલીસે આની તપાસ ચાલુ કરી છે, પણ આવી તપાસ તો બીજા ઘણા સેલેબ્રિટીને મળેલી ધમકીઓની પણ ચાલું છે. જેનો કોઈ પૂરાવો મળતો નથી. બસ તપાસ ચાલે છે.

**એક્ટર્સ લાઈફ**



અને એક ગુંડાને ધર્મ વિશે લાગી આવે તે કેટલું ફિલ્મી છે! ફિલ્મનાં કલાકારોને ધમકીઓ મળતી રહેતી નવી બાબત નથી જ પણ જે બાબતે ધમકી મળી તે જરૂર નવી છે.

## ઉર્વશીની વિકેટ લેવા ED આવ્યું મેદાનમાં



ગ્લેમરસ ઉર્વશી રૌતેલાનું નામ ફિલ્મની સાથે સાથે મોટી મોટી વાતો, મોંઘા ખર્ચાઓ, કોન્ટ્રોવર્સી અને ક્રિકેટ સાથે જોડાયેલું રહે છે, જેમાં ક્યારેક ક્રિકેટર RP (નામ તો ખબર જ હશે) તો પંડ્યા સાથે તો ક્યારેક પાકિસ્તાની ક્રિકેટર નસીમ શાહ સાથેના કિસ્સાઓ જૂના થઇ ગયા છે. એટલે હમણાં જે કારણથી ક્રિકેટ સાથે તેનું નામ જોડાયું છે તેમાં ઉર્વશી લાંબી ફસાઈ શકે છે. વાત એમ છે કે, ED જે મની લોન્ડરિંગ અને પૈસા બાબતે ગેરકાયદેસર કામોની તપાસ કરે છે તેમણે ગેરકાયદેસર બેટિંગ એપના કેસમાં ઉર્વશીને સમન્સ મોકલ્યું છે. એમને શંકા છે કે તેણે એક બેટિંગ એપને પ્રમોટ કરી, જે ઇલીગલ હતી. એટલે સરળતાથી કહીયે તો ઉર્વશી તે એપ માટે એક્ટિંગ કરવાનાં કારણે ફસાઈ છે. એમ તો ઉર્વશીથી ઇન્ફ્લ્યુન્સ થઇને કોઈ સટ્ટો રમે તેવી શક્યતા ઓછી પણ તેના કહેવા મુજબ તેનાં ડાન્સ કરવાથી પણ ફિલ્મ 200 કરોડ કમાતી હોય તો સટ્ટાબાજ પણ તે જોઈ કમાણી કરવાની લાલચે રમવા આવે તેવી દલીલ લોકો આપે છે.